| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૫/૧૧/૨૦૨૧ | | |
| દાખલ તારીખ | : | ૧૫/૧૧/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ | : | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૪ | ૦૪ | ૧૦ |

सत्यमेव जयते

**મે. જંબુસરના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. જંબુસર.**

**ક્રિ. પ. અરજી નં. : ૩૩૭/૨૦૨૧**
**આંક :– ૨૯**

**અરજદાર** : શેહનાઝબેન સોએબખાન પઠાણ,
ઉ. વ. આ. ૩૫, ધંધો – ઘરકામ
રહે. ઠે. જલાલપુરા, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**સામાવાળા** :
(૧) સોએબખાન યુસુફખાન પઠાણ,
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે.મુ. હાલ સાઉદી અરેબીયા
(૨) યુસુફખા મહમદખા પઠાણ,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર,
(૩) ફાતમાબીબી યુસુફખા પઠાણ,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – ઘરકામ,
(૪) અનસખા યુસફખા પઠાણ,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર,

(૫) રિજવાના અનસખા પઠાણ,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – ઘરકામ,

(૬) સહદખા યુસુફખા પઠાણ,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર,

(૭) અફસાના સહદખા પઠાણ,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – ઘરકામ,
તમામ રહે. મીનાશા બાવાની દરગાહ સામે,
મુ.પો. જંબુસર, તા. જંબુસર, જી. ભરૂચ.

(૮) જરીના સલીમ મયુદદીન ઘોડા,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – ઘરકામ,
રહે. ખાનપુરી ભાગોળ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ.

(૯) મુનીરા મહેબુબ માસ્ટર,
રહે. મીનાશા બાવાની દરગાહ સામે,
મુ.પો. જંબુસર, તા. જંબુસર, જી. ભરૂચ.

(૧૦) સાહીદ સલીમ ઘોડાવાળા,
ઉ. વ. આ. પુખ્ત, ધંધો – વેપાર,
રહે. ખાનપુરી ભાગોળ, મુ.પો. જંબુસર,
તા. જંબુસર, જિ. ભરૂચ.

**બાબત :** **ડોમેસ્ટીક વાયો. એકટની કલમ – ૧૨, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨ હેઠળ દાદ માંગતી કલમ–૧૨ મુજબ અરજી**

| |
|---|
| // અરજદાર તરફે વિ.વ....................... શ્રી એમ.આર.પટેલ // |
| // સામાવાળાઓ તરફે વિ. વ.............. શ્રી એસ.આર.પ્રજાપતિ // |

**-:: ઠરાવ ::-**

(૦૧) અરજદારે હાલની આ અરજી ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ-૧૨ અન્વયે દાખલ કરેલ છે. અરજદારની અરજીની હકિકત ટૂંકમાં એવી છે કે, આ કામના અરજદારના લગ્ન યાને નિકાહ સામાવાળા સાથે મુસ્લીમ શરીયત અનુસાર તથા સમાજના રીતરિવાજ મુજબ તા. ૨૦/૦૧/૨૦૧૧ ના રોજ જંબુસર મુકામે થયેલ લગ્ન થયા બાદ અરજદારને માતા-પિતા, સગા સબંધીઓતથા સહેલીઓ તરફથી મળેલ વાસણ કુસણ, કપડા લત્તા, ભેટ સોગાદો તથા સ્ત્રીધનની ચીજવસ્તુઓ લઈને સામાવાળાના ઘરે વળાવેલા સદર લગ્નજીવનથી અરજદારને ૧ સંતાનને જન્મ આપેલ જેનુ નામ શના છે. જેની ઉ.વ. ૧૧ વર્ષ છે. જે સગીર બાળક હાલ અરજદાર પાસે છે. સામવાળાને ત્યાં અરજદાર સંયુકત કુટુંબમાં રહેતા હતા. સામાવાળા નં. ૧ અરજદારના પતિ થાય છે, સામાવાળા નં. ૨ સસરા થાય છે, સામાવાળા નં. ૩ સાસુ થાય છે, સામાવાળા નં. ૪ દીયર થાય છે, સામાવાળા નં. ૫ દેરાણી થાય છે, સામાવાળા નં. ૬ દીયર થાય છે, સામાવાળા નં. ૭ દેરાણી થાય છે, સામાવાળા નં. ૮ નણંદ થાય છે, સામાવાળા નં. ૯ સગા છે, સામાવાળા નં. ૧૦ ભાણેજ થાય છે. શરૂઆતમાં સામાવાળાઓએ અરજદાર સાથે સારૂ વર્તન કરેલુ અને તેઓનો ઘરસંસાર સારો ચાલતો હતો. તેઓ સંયુકત કુટુંબમાં રહેતા હતા. અરજદાર પત્ની તરીકે તમામ ફરજો અદા કરતા હતા. પરંતુ થોડા સમય પછી સામાવાળાનાઓનુ વર્તન બદલાઈ ગયેલ અને અરજદાર ઘરનુ કામકાજ કરતા હોવા છતાં સામાવાળાનાઓ એક સંપ થઈ અગાઉ અરજદારને કાઢી મુકેલ અને અરજદાર તેમના પિયરમાં રહેતા હતા. જેથી અરજદારનાઓએ ભરૂચ મહિતા પો.સ્ટે.માં અરજી કરેલી જે કામે સામાવાળાઓ આવેલા અને અરજદારને બોલાવી જઈશુ તેમ કહી તેમાં સમાધાન કરેલ. પરંતુ ત્યારબાદ અરજદારને બોલાવેલ નહી. ત્યારે પણ સામાવાળાઓ એક સંપ થઈ પાંચ વર્ષ અરજદારને તેમના પિયરમાં બેસાડી રાખી શારીરિક માનસિક ત્રાસ આપેલ. અરજદારના દિયરના લગ્ન હોય સામાવાળાનાઓ અરજદારને તેડી ગયેલા અને ત્યાં અરજદાર ફરીથી સંયુકત કુટુંબમાં રહેવા લાગેલ. ત્યારબાદ થોડા સમય બાદ સામાવાળા નં. ૧ નાઓ તેમના ઘરનાઓની ચઢવણીમાં

આવી ગયેલા અને કોઈપણ જાતના કારણ વગર બોલવાનુ બંધ કરી દીધેલ અને સામાવાળાઓ કહેતા હતા કે, '' તારા ઘરેથી દહેજમાં તું કશું લાવેલ નથી અને તારા પિયરમાંથી પૈસા લઈ આવ.'' તેમ કહી દહેજની માંગણી કરતા હતા. અરજદારને સામાવાળાનાઓની ચઢવણીથી ખુબ માર મારતા હતા અને મહેણા ટોણા મારતા હતા અને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. તેમ છતાં અરજદાર સામાવાળાનાઓનો તમામ ત્રાસ સહન કરી મુંગા મોઢે રહેતા હતા. અરજદારના પતિ સામાવાળા નં. ૧ સાઉદીઅરબ (દમામ) મુકામે વર્ષોથી જાય છે અને રજામાં આવે છે. અરજદાર સંયુકત કુટુંબમાં રહેતા હતા ત્યારે સામાવાળાઓએ જણાવેલ કે, આપણે જુનુ ઘર તોડીને શોપિંગ તથા નવુ ઘર બનાવવાનુ છે. જેથી આપણે હાલ પુરતા ભાડાના મકાનમાં રહેવા જતા રહીએ તેમ કહી ભાડાના મકાનમાં રહેવા ગયેલ. ત્યારે આ કામના સામાવાળા નં. ૩ ને અરજદાર સામે રહેવા માટે મુકી વિદેશ ગયેલા ત્યાં અરજદાર અને તેમના સાસુ ભાડાના મકાનમાં રહેતા હતા અને આ કામના સામાવાળા અરજદારને મહિતે રૂા. ૧૦,૦૦૦/– ખર્ચ, લાઈટ બિલ અને રૂા. ૨૫૦૦/– ભાડાના પૈસા અરજદારના પતિ અરજદારના દિયરને આપતા હતા અને અરજદારના દિયર એટલે કે સામાવાળા નં. ૪ અરજદારને દર મહિતને મોકલાવતા હતા. જયારે સામાવાળા નં. ૩ અરજદારની સાસુ અરજદાર સાથે રહેતા હતા ત્યારે નાની વાતોમાં ઝઘડા કરી સામાવાળા નં. ૧ ને ખોટી ખોટી વાતો કરી અરજદાર વિરૂધ્ધ ચઢાવતા હતા તે પણ અરજદાર સાથે એક વર્ષ જેટલો સાથે રહી અરજદારને છોડીને જતા રહેલા. આ કામના સામાવાળા નં. ૨ થી ૧૦ અરજદારના પતિની ગેરહાજરીમાં પણ અરજદારના ઘરે આવતા હતા અને અરજદારને ખુબ ત્રાસ આપતા હતા અને કહેતા હતા કે, '' તું ખોડેલી છે તું અમારા ઘરે કોઈ કામની નથી '' અને આમ કહી માં–બેન સમાણી ગંદી ગાળો આપતા હતા અને કહેતા હતા કે, '' તું તારા ઘરે ચાલી જા.'' તારો પતિ હાલામાં અહીંયા નથી, જયારે પાછો આવે ત્યારે આવજે. તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. સામાવાળા નં. ૨ થી ૧૦ અવાર નવાર અરજદારના પતિને ફોન કરીને કહેતા હતા કે, '' તું શહેનાઝને તલ્લાક આપી દે તે આપણા ઘરે ચાલે તેમ નથી ''

અને અરજદારને જણાવતા હતા કે, '' તું અમારી પાસેથી રૂપિયા લઈ લે અને છુટુ લઈ લે, અમારે શોએબને બીજી પત્ની લાવવાની છે. '' સામાવાળાઓ અરજદારની દીકરી તેમના ઘરે જાય ત્યારે જણાવતા હતા કે, '' તારે અમારા ઘરે આવવાનુ નહી, તારૂ અહી કઈ લાગતુ નથી '' તેમ કહી ત્યાંથી કાઢી મુકતા હતા. અરજદાર તથા તેમની દીકરી ભાડાના મકાનમાં રહેતા હતા. સામાવાળાઓ અવાર નવાર ભાડાનુ મકાન ખાલી કરાવવા દબાણ કરતા હતા. સામાવાળાઓએ અરજદારના પતિનુ કાન ભંભેરણી કરતા સામાવાળા નં. ૧ નાએ અરજદાર તથા તેમની દીકરી સાથે બોલવાનુ બંધ કરી દીધેલ અને તા. ૨૫/૦૬/૨૦૨૦ થી ભાડાના રૂપિયા આપવાનુ બંધ કરી દીધેલ. કોઈ વ્યકિત અરજદારને મકાન ભાડે આપે તો સામાવાળાઓ તેમની સાથે પણ ઝઘડો કરતા હતા. જેથી અરજદારને કોઈ ભાડાનુ મકાન આપવા પણ તૈયાર ન હતા. તા. ૨૭/૧૦/૨૦૨૧ ના રોજ સામાવાળાઓએ એક સંપ થઈ અરજદાર જે ભાડાના મકાનમાં રહેતા આવેલ તે મકાન ખાલી કરાવી દીધેલ અને અરજદાર તેમની સગીર દીકરી સાથે રોડ પર આવી ગયેલ. જેથી અરજદાર તેમનો સામાન લઈ તેમની સાસરીના ઘરે ગયેલા ત્યારે સામાવાળાઓ એક સંપ થઈ અરજદારને જણાવેલ કે, '' તારે અહિંયા રહેવાનુ નથી અહિંયા તારૂ કઈ લાગે વળગે નહી તારે જયાં રહેવુ હોય ત્યાં રહેજે તું તારે દશ કેશ કરવા હોય તો કર અમોને કઈ ફેર પડવાનો નથી અમે પૈસા વાળા છે બધે પહોંચી વળીશું '' અને અરજદારના દિયર અનસ અરજદારને ત્રિકમ લઈને મારવા ફરી વળેલા તથા બીજા સામાવાળાઓ અરજદાર ઉપર ઈંટો વડે પથ્થરમારો કરેલ, માર મારેલ અને છટટી ઈંટો ફેંકી હુકમલો કરેલો, અરજદારને માં–બેન સમાણી ગાળો આપી, ઢીકકાપાટુનો માર મારી જણાવેલ કે, '' તારે અહીં કોઈ લાગે ના, અહીં આવતી ના, તારો સામાન લઈને અહીંથી ચાલી જા, જયારે તારો પતિ આવે ત્યારે આવજે, તારો પતિ જયાં સુધી તારી જોડે છુટાછેડા નહી થાય ત્યાં સુધી નહી આવે '' તેમ કહી અરજદારને મારઝુડ કરી ત્યાંથી કાઢી મુકી શારીરિક માનસિક ત્રાસ આપેલ. સામાવાળા નં. ૮ કહેતા હતા કે, '' તું ફારગતી નહી લે તો તને હું ભીખ મંગાવીશ '' તારો પતિ મારી વાત માનશે, અમે કહીશુ તેવું જ કરશે '' તેમ કહી અરજદારને માનસિક ત્રાસ આપી, મારી નાંખવાની ધમકીઓ આપી, અરજદારને આત્મહત્યા કરવા મજબુર

કરેલ છે. અરજદારે ૧૮૧ ઉપર ફોન કરતા પોલીસ જંબુસર પો.સ્ટે. લઈ ગયેલ. જયાં અરજદારે લખાવતા અરજદારની ફરીયાદ કહયા મુજબ લખેલી નથી અને પોલીસ સ્ટેશનમાં સામાવાળાની તરફેણ કરતા તેઓની તરફેણનુ વલણ રાખેલ અને મહિલા પો.સ્ટે.માં જાવ તેમ કહેલુ. આ કામના સામાવાળા નં. ૧ નાઓ વિદેશમાં વર્ષોથી રહે છે અને દર મહિને રૂા. ૧,૦૦,૦૦૦/- ઉપરાંત કમાય છે. સામાવાળાઓએ તેઓની મિલકતમાં શોપીંગ સેનટર બનાવેલ છે તથા ઉપર રહેવાના મકાન બનાવેલ છે, ભાડે દુકાન મકાન આપેલ છે. અરજદારના પતિના રૂપિયાની કમાણીમાંથી શોપીંગ સેન્ટર બનાવેલ છે. જયારે અરજદાર વધુ ભણેલા નથી કે જાતે કમાઈને ભરણપોષણ કરી શકે તેમ નથી. સામાવાળાને અરજદાર સિવાય કોઈની જવાબદારી નથી. ઉપરોકત તમામ હકિકત જણાવી અરજદારે દાદ માંગેલ છે કે, સામાવાળાઓએ અરજદારને ત્રાસ આપેલ હોય અને હજી તેઓ અરજદારને હેરાન કરી, ત્રાસ આપે તેમ હોય સામાવાળાઓ કોઈ પણ પ્રકારે ત્રાસ આપે નહી તેવો અરજદારને પ્રોટેકશન/રક્ષણ આપતો હુકમ ફરમાવવા તથા સામાવાળાઓએ અરજદારના લગ્ન સમયની સ્ત્રીધનની ચીજ વસ્તુઓ, સોના ચાંદીના દાગીના કબજ કરી લીધેલ છે તે સામાવાળાઓ પાસેથી તેમને પરત અપાવવા અગર તેની બજાર કિંમત અપાવવા તથા સામાવાળા અરજીથી તારીખથી ભરણ પોષણ પેઠે અરજદાર નં. ૧ ને માસીક રૂા. ૨૦,૦૦૦/- ચઢાચઢી ભરણપોષણની રકમ દર માસે તેમની હર કોઈ જાત-માલ મિલકતમાંથી ચુકવી આપે તથા સામાવાળા અરજદારની રહેઠાણની વ્યવસ્થા ના હોય, સામાવાળા રહેઠાણની વ્યવસ્થા કરી આપે અને વ્યવસ્થા ન કહી આપે તો અથવા રહેઠાણ માટે રૂા. ૧૫,૦૦૦/- લેખે માસિક ભાડાની રકમ અરજદારને ચુકવી આપે તથા સામાવાળાઓએ એક સંપ થઈ અરજદારને કાઢી મુકેલ હોય અને અરજદારને શારીરિક, માનસિક ત્રાસ આપેલ હોય તેના કારણે અરજદારની તબિયત પર અસર થયેલ હોય અને દવા પાછળ ખર્ચ થયેલ હોય અરજદારને સામાવાળાઓ વળતર પેટે રૂા. ૫,૦૦,૦૦૦/- ચુકવી અપાવવા અરજ ગુજારેલ છે.

**(૦૨)** અરજદારની અરજી સંદર્ભે આ કામે ઘરેલુ હિંસા અંગે **આંક-૦૩** થી પ્રોટેકશન ઓફિસરશ્રીએ તેઓનો રીપોર્ટ રજૂ કરેલ છે. ત્યારબાદ સામાવાળાઓ સામે

પ્રોસેસ કાઢવા હુકમ કરવામાં આવેલ.

**(૦૩)** આ કામે સામાવાળાઓને કાઢવામાં આવેલ નોટીસ સામાવાળાઓને બજી જતા સામાવાળા નં. ૨ થી ૧૦ નાઓ તેમના વકિલશ્રી મારફતે હાજર થયેલ છે અને **આંક–૧૦** થી અરજદારની અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં સામાવાળાઓએ અરજદારની અરજીની હકિકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં. ૨ નાઓ રહેણાંકના મકાન થી અલગ દુર મકાનમાં અરજદાર રહેતા હોય અને સામાવાળા નં. ૧ નાઓ અરજદારનુ તથા તેમની સગીર દીકરીનુ ભરણ પોષણ કરતા આવેલા હોય, સામાવાળાનાઓની કોઈ જવાબદારી થતી નથી. સામાવાળા નં. ૧ નાઓ વિદેશ હોય અને અરજદારને ખુબ જ સારી રીતે રાખતા આવેલા છે. અરજદારે જે અરજી કરેલ છે તે સામાવાળા નં. ૧ ને લાગુ પડતી હોય, સામાવાળાનાઓની ખોટા નામ લખાવી કાયદા વિરૂધ્ધનુ કૃત્ય કરેલ અને ઘણા સમયથી અલગ રહેતા આવેલા હોય તથા સામાવાળા નં. ૨ તથા ૩ નાઓ વૃધ્ધ ઉંમરના હોય અને અરજદારે તથા તેઓના સબંધી માણસોએ લડાઈ કરી, મારઝુડ કરેલ હોય, તે બાબતે જંબુસર પો.સ્ટે.માં ફરીયાદ કરેલ હતી તે બાબતે પોલીસે અરજદાર તથા તેઓના સબંધી માણસોના જામીન લીધા હતા. સામાવાળા નં. ૮, ૯, ૧૦ નાઓએ કોઈ લેવા દેવા નથી. તેઓની નામ અરજીમાં ખોટી રીતે લખી તેઓને હેરાન પરેશાન કરવા ખોટી અરજી કરેલ છે. કાયદાની જોગવાઈ મુજબ અરજદાર તથા તેના સગીર બાળકની જવાબદારી સામાવાળા નં. ૧ ની થાય છે. સામાવાળાઓ વિરૂધ્ધ મહિલા પો.સ્ટે.માં ખોટી અરજી કરતા ત.ક.અધિકારીએ નિવેદનો લઈ અરજદારી જે સામાવાળાઓ સામે ફરીયાદ કરેલ હતી તે દફતરે કરી દીધેલ હતી. તેમજ મુસ્લીમ કાયદા અન્વયે સામાવાળા નં. ૧ ની જવાબદારી તેમજ સામાવાળા નં. ૧ ના કાયદેસરના પત્ની થતાં હોય, સામાવાળાનાઓને લાગુ પડતુ નથી. ભરણપોષણ તથા રહેણાંક માટે તેઓના પતિની જવાબદારી હોય અને તેમના પતિ તે જવાબદારી નિભાવતા હોય અને હાલ તેઓના પતિ વિદેશ મુકામે હોય, સામાવાળાનાઓને હેરાન પરેશાન કરવા હાલની અરજી કરેલ છે. નામ. કોર્ટના જજમેન્ટ એ.આઈ.આર. ૨૦૦૯ Del.pege 72 માં નીતુ મિત્તલ વિરૂધ્ધ કાન્તા મિત્તલના કેસમાં

જણાવેલ છે કે, પત્નીને ફકત પતિના ઘરમાં રહેવાનો અધિકાર છે. સાસુ સસરાના મકાનમાં રહેવાનો અધિકાર નથી. આ કાયદા હેઠળની કાર્યવાહીમાં સ્ત્રી સભ્યોને સામાવાળા બનાવી શકાય નહી. કલમ–૨(ક) હેઠળ પ્રતિવાદીઓ અર્થ પુરુષ સભ્યો થાય છે. મેનાકુરુ રેનુકા વિરૂધ્ધ મેનાકોરુ મોનારે ૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ (એનઓસી)૮૧૯ તથા એ.આઈ.આર. ૨૦૦૯(એનઓસી) પેજ ૧૫૫૪(એ.પી) જણાવે છે. તેમજ સદર કાયદાની કલમ–૧૮ થી ૨૩ હેઠળ પસાર કરાયેલા હુકમો દિવાની સ્વરૂપના હોય સી.આર.પી.સી.ની કલમ–૪૮૨ મુજબ હસ્તક્ષેપ કરી શકાય નહી. વી.કે. વિજયા લક્ષ્મી અમ્મા વિરૂધ્ધ બિંદુ વી.એન્ડ બ્રધર્સ ક્રિમીનલ લો જનરલ ૨૦૧૦ (એનઓસી)પેજ ૫૪૯ (કેરલા હાઈકોર્ટ)ના ચુકાદામાં જણાવેલ છે. ઉપરોકત હકીકતો ધ્યાને લીધી. આ કામના અરજદારે સામાવાળા સામે ખોટી અરજી કરેલ હોય, સદર અરજી બાબતે જવાબદારી સામાવાળા નં. ૧ ની હોય અને સામાવાળા હાલ ભારતમાં રહેતા ના હોય, સામાવાળાને હેરાન પરેશાન કરવા હાલની ખોટી અરજી કરેલ હોય, જેથી અરજદારની હાલની અરજી ખર્ચ સહિત રદ્દ કરવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

**(૦૪)** અરજદાર તરફે અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**<u>મૌખીક પુરાવો</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર શહેનાઝબેન સોએબખાન પઠાણની સોંગદ ઉપરની જુબાની | ૨૦ |

આ કામે અરજદાર તરફે કોઈપણ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. ત્યારબાદ અરજદાર તરફે **આંક–૨૭** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખતા અરજદારનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૦૫)** આ કામે સામાવાળાઓ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. ત્યારબાદ સામાવાળાઓ તરફે **આંક–૨૮** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખતા સામાવાળાઓનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૦૬)** અરજદાર તરફે વિ. વ. શ્રી એમ.આર.પટેલની મૌખિક દલીલો તથા સામાવાળા તરફે વિ. વ. શ્રી એસ.આર.પ્રજાપતિની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૦૭)** સબબ આ અરજી ના ન્યાયીક નિર્ણય સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું અરજદાર ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૧૮ મુજબનો રક્ષણનો હુકમ મેળવવા હકકદાર છે ?

(૨) શું અરજદાર સામાવાળાઓ પાસેથી માંગ્યા મુજબ સ્ત્રીધનની વસ્તુઓ અગર તેની બજાર કિંમત મુજબની રકમ મેળવવા હકકદાર છે ?

(૩) શું અરજદાર ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૨૦ મુજબ માંગ્યા મુજબનું ભરણપોષણ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલુ ?

(૪) શું અરજદાર ઘરેલુ હિંસા અધિનિયમની કલમ–૧૯ મુજબ રહેઠાણનો હુકમ મેળવવા હકકદાર છે ?

(૫) શું અરજદાર ઘરેલુ હિંસા અધિનિયમ કલમ–૨૨ મુજબ વળતર મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલુ ?

(૬) શું હુકમ ?

**–:: નિર્ણયો ::–**

**(૦૮)** ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં. ૧ : | હકારમાં. |
| મુદ્દા નં. ૨ : | નકારમાં. |
| મુદ્દા નં. ૩ : | નકારમાં |
| મુદ્દા નં. ૪ : | નકારમાં. |
| મુદ્દા નં. ૫ : | અંશત: હકારમાં |
| મુદ્દા નં. ૬ : | આખરી હુકમ મુજબ |

(૦૯) આ કામે અરજદારે ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ની કલમ–૧૨ મુજબની હાલની અરજી પ્રોટેકશન ઓફિસર મારફતે અદાલત સમક્ષ કરેલ છે. જેમાં સામાવાળાઓ સામે જુદી જુદી કલમો મુજબની દાદ માંગેલ છે. સદરહું કાયદાની કલમ–૨ (એફ) માં કૌટુંબિક સંબંધની વ્યાખ્યા આપવામાં આવેલ છે તે મુજબ, બે વ્યકિતઓ વચ્ચેનો સંબઘ કે જેઓ શેર્ડ હાઉસહોલ્ડ (સહીયારા મકાન)માં રહેતી હોય અથવા લગ્ન સ્વરૂપના સંબઘ અથવા સંયુકત કુંટુબના સભ્ય તરીકે સાથે રહેતી હોય તેવી વ્યકિતઓ વચ્ચે કૌટુંબીક સંબઘ છે તેમ કહેવાશે. જયારે સદરહું કાયદાની કલમ–૩ માં કૌટુંબીક હિંસાની વ્યાખ્યા આપવામાં આવેલ છે. જે મુજબ અરજદાર સાથે તેની જીંદગી સાથે તેની જીંદગી જોખમાય તે રીતે તેને શારીરિક કે માનસીક ત્રાસ આપવામાં આવે કે દહેજ કે અન્ય કીંમતી જામીનગીરી આપી દેવા દબાણ કરવામાં આવે, ધમકી આપવામાં આવે, તે સંજોગોમાં આ કલમની જોગવાઈ મુજબ ભોગબનનાર સાથે કૌટુંબીક હિંસા આચરવામાં આવેલ હોવાનું માની લેવામાં આવશે. જો કૌટુંબીક હિંસા અરજદાર યાને ભોગબનનાર સાથે આચરવામાં આવેલ હોય તે સંજોગોમાં જ ભોગબનનાર અરજી કરી કાયદામાં જણાવેલ જુદા જુદા હુકમો હેઠળ દાદ મેળવવા હકકદાર બનશે.

(૧૦) ઉપરોકત કાયદાકીય પરીસ્થિતી ઘ્યાને લઈ હાથ ઉપરના કેસમાં પક્ષકારો વચ્ચે કૌટુંબિક સંબંઘ છે કે નહી તે અંગે જોવામાં આવે તો આ કામે સામાવાળા નં. ૧ અરજદારના પતિ થાય છે, સામાવાળા નં. ૨ સસરા થાય છે, સામાવાળા નં. ૩ સાસુ થાય છે, સામાવાળા નં. ૪ દીયર થાય છે, સામાવાળા નં. ૫ દેરાણી થાય છે, સામાવાળા નં. ૬ દીયર થાય છે, સામાવાળા નં. ૭ દેરાણી થાય છે, સામાવાળા નં. ૮ નણંદ થાય છે, સામાવાળા નં. ૯ સગા છે, સામાવાળા નં. ૧૦ ભાણેજ થાય છે. જેથી આ કામે તમામ સામાવાળાઓ અરજદારના સાસરીપક્ષના એક જ કુટુંબના સભ્યો છે. જયારે સામાવાળાઓ તરફે અરજદારે તેઓની અરજીમાં જણાવેલ પક્ષકારોના સંબંઘ અંગે કોઈ તકરાર લીઘેલ નથી. પક્ષકારો તરફે રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા પક્ષકારો વચ્ચે લગ્ન સ્વરૂપના સંબંઘ છે. જેથી આ કામના પક્ષકારો વચ્ચે કૌટુંબિક સંબંઘ હોવાની હકિકત માનવાને પાત્ર છે.

**(૧૧)** આ કામે અરજદારની **આંક–૨૦** થી રજૂ થયેલ સોંગદનામામાં આંક–૧ ની અરજીની હકિકતોનું પુનરાવર્તન કરેલ છે. અરજદારની અરજીની હકિકતો ધ્યાને લઈ પ્રોટેકશન ઓફિસરશ્રીએ તે તમામ હકિકતો તેઓની અરજીમાં જણાવેલ છે. જેથી અરજદારની અરજીની હકિકતોને સમર્થન મળે છે.

અરજદારની સામાવાળાઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેણી એ વાત કબુલ કરે છે કે, તેમના પતિ શોયેબખાન સાથે નિકાહ તેમની એકબીજાની પસંદગીથી થયેલા. તેમના નિકાહ જંબુસર મુકામે થયેલા. તેણી એ વાત કબુલ કરે છે કે, નિકાહ બાદ તેઓ તેમના પતિ સાથે તેમની સાસરીમાં ગયેલા. તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓ બધા સાસરીમાં સંયુકત કુટુંબમાં પાંચ વર્ષ સાથે રહેલા તે વખતે તેમની દીકરી નમે શનાનો જન્મ થયેલો, તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓ સંયુકત કુટુંબમાં સાથે રહેતા હતા ત્યારે ઘર નાનુ હોય, જેથી ઘરના સભ્યો સાથે બોલાચાલી થયેલી. તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓ અરજદાર તથા સામાવાળા ભાડાના મકાનમાં અલગ રહેતા હતા, તે સમયગાળા દરમ્યાન તેમના પતિ વિદેશ મુકામે હતા, તેઓ ભાડાના મકાનમાં દોઢ વર્ષ જેટલો સમય રહેલા, તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓ ભાડાના મકાનમાં અલગ રહેતા હતા ત્યારે તેમની સાથે તેમના સાસુ રહેતા હતા ત્યારે બોલાચાલી થતી હતી. તેણી એ વાત કબુલ કરે છે કે, દોઢ વર્ષ ભાડાના મકાનમાં રહયા બાદ અન્ય કોઈ ભાડાના મકાનમાં રહેવાનો પ્રસંગ બનેલ નહી. તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓ અને તેમની સાસુ વચ્ચે બોલાચાલી થતા તેમના દીયર તેમની સાસુને લઈ ગયેલા. તેણી એ વાત કબુલ કરે છે કે, આ સમયગાળા દરમ્યાન તેઓએ જંબુસર પો.સ્ટેમાં અરજી કરેલી. તેણી એ વાત કબુલ કરે છે કે, પો.સ્ટે. માં અરજી કર્યા બાદ તેઓને તથા સામાવાળાનાઓને પો.સ્ટે.માં બોલાવેલા તે કામે સમાધાન થયેલ નહી. તેણી એ વાત કબુલ કરે છે કે, તેમના સસરાએ તેઓ અરજદાર તથા તેમના ઘરના સભ્યો સામે જંબુસર પો.સ્ટે.માં ફરીયાદ કરેલી, સદર કામે અરજદાર તથા તેમના સસરા સામે સમાધાન થયેલ નહી. તેણી એ વાત કબુલ કરે છે કે, ત્યારબાદ તેઓ અરજદાર તેમના માતા પિતાના

ઘરે રહેવા ગયેલા. તેણી એ વાત કબુલ કરે છે કે, ત્યારબાદ તેમને કોર્ટમાં અરજી કરવાનો પ્રસંગ બનેલો, તેઓએ આમોદ ફેમીલી કોર્ટમાં તેમને તથા તેમની દીકરીને કાઢી મુકેલ તે બાબતે અરજી કરેલી, તે અરજીમાં નામ. ફેમીલી કોર્ટે અરજદારના માસિક રૂા. ૩,૦૦૦/– તથા તેમની દકીરી શનાના માસિક રૂા. ૧૫૦૦/– ભરણ પોષણ આપવાનો હુકમ કરેલો, તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓએ આમોદ ફેમીલી કોર્ટમાં રીકવરી મેળવવા માટે અરજી કરતા સામાવાળાએ ભરણ પોષણની રકમ તેમને ચુકવી આપેલ, તેણી એ વાત કબુલ કરે છે કે, સામાવાળા દર માસે તેમના ખાતાના જમા કરાવે છે, તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓએ આમોદ ફેમીલી કોર્ટમાં અરજી કરેલ તે સિવાય જંબુસર કોર્ટમાં અરજી કરેલ છે, હાલની જે અરજી કરેલ છે તે અરજીના કામે ભાડાના મકાનમાં તેમની સાસુ સાથે રહેતા હતા તે સિવાય અન્ય કોઈ સાથે રહેતા ન હતા, તેઓ તેમના પતિ સાથે જેટલો સમય સાથે રહેતા હતા તે સમયગાળા દરમ્યાન તેમને તેમના પતિ સાથે કોઈ ઝઘડો થયેલો નહી, તેણી એ વાત કબુલ કરે છે કે, તેઓએ જંબુસર કોર્ટમાં અરજી કરેલ તે સિવાય મહિલા સુરક્ષામાં અરજી કરેલ, એ અરજી બાબતમાં કોઈ નિકાલ થયેલો નહી, તેણી એ વાત કબુલ કરે છે કે, સદર અરજીના કામે તેઓને તેમના પતિ સાથે કોઈ ઝઘડો નથી, તેઓ અરજદાર તથા તેમના દીયર અનસ સાથે બોલવા ચાલવાનો કોઈ સબંધ નથી, તેણી એ વાત કબુલ કરે છે કે, હાલની અરજી સામાવાળા તેમને રાખતા નથી તે માટે કરેલ છે, તે સિવાય બીજી કોઈ બાબતે કરેલ નથી, તેણી એ વાત કબુલ કરે છે કે, તેમના પતિ વિદેશથી જંબુસર મુકામે આવેલા ત્યારે તેમના પતિને અકસ્માત થયેલો, તેણી એ વાત કબુલ કરે છે કે, તેમના પતિને જે અકસ્માત થયેલો તેમાં તેઓ એક માસ જેટલો સમય ચાલતા ન હતા, તેણી એ વાત કબુલ કરે છે કે, ભાડાના મકાનમાં તેઓ તેમની સાસુ સાથે રહેતા હતા પરંતુ તેઓએ તેમની અરજીમાં જે સામાવાળા જણાવેલ છે તેઓની સાથે રહેતી ના હતી.

**<u>મુદ્દા નં. ૧</u>**

**(૧૨)** હવે હાલના કામે રજુ પુરાવો જોવામાં આવે તો લગ્ન બાદ પક્ષકારો વચ્ચે તકરારો થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવવા પામેલ છે. લગ્નના થોડા સમય

બાદ સામાવાળા નં. ૧ નાઓ તેમના ઘરનાઓની ચઢવણીમાં આવી ગયેલા અને કોઈપણ જાતના કારણ વગર બોલવાનુ બંધ કરી દીધેલ અને સામાવાળાઓ કહેતા હતા કે, '' તારા ઘરેથી દહેજમાં તું કશું લાવેલ નથી અને તારા પિયરમાંથી પૈસા લઈ આવ.'' તેમ કહી દહેજની માંગણી કરતા હતા. અરજદારને સામાવાળાનાઓની ચઢવણીથી ખુબ માર મારતા હતા અને મહેણા ટોણા મારતા હતા અને શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. આ કામના સામાવાળા નં. ૨ થી ૧૦ અરજદારના પતિની ગેરહાજરીમાં પણ અરજદારના ઘરે આવતા હતા અને અરજદારને ખુબ ત્રાસ આપતા હતા અને કહેતા હતા કે, '' તું ખોડેલી છે તું અમારા ઘરે કોઈ કામની નથી '' અને આમ કહી માં–બેન સમાણી ગંદી ગાળો આપતા હતા અને કહેતા હતા કે, '' તું તારા ઘરે ચાલી જા.'' તારો પતિ હાલામાં અહીંયા નથી, જયારે પાછો આવે ત્યારે આવજે. તેમ કહી શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. સામાવાળા નં. ૨ થી ૧૦ અવાર નવાર અરજદારના પતિને ફોન કરીને કહેતા હતા કે, '' તું શહેનાઝને તલ્લાક આપી દે તે આપણા ઘરે ચાલે તેમ નથી '' અને અરજદારને જણાવતા હતા કે, '' તું અમારી પાસેથી રૂપિયા લઈ લે અને છુટુ લઈ લે, અમારે શોએબને બીજી પત્ની લાવવાની છે. '' સામાવાળાઓ અરજદારની દીકરી તેમના ઘરે જાય ત્યારે જણાવતા હતા કે, '' તારે અમારા ઘરે આવવાનુ નહી, તારૂ અહી કઈ લાગતુ નથી '' તેમ કહી ત્યાંથી કાઢી મુકતા હતા. અરજદાર તથા તેમની દીકરી ભાડાના મકાનમાં રહેતા હતા. સામાવાળાઓ અવાર નવાર ભાડાનુ મકાન ખાલી કરાવવા દબાણ કરતા હતા. તા. ૨૭/૧૦/૨૦૨૧ ના રોજ સામાવાળાઓએ એક સંપ થઈ અરજદાર જે ભાડાના મકાનમાં રહેતા આવેલ તે મકાન ખાલી કરાવી દીધેલ અને અરજદાર તેમની સગીર દીકરી સાથે રોડ પર આવી ગયેલ. જેથી અરજદાર તેમનો સામાન લઈ તેમની સાસરીના ઘરે ગયેલા ત્યારે સામાવાળાઓ એક સંપ થઈ અરજદારને જણાવેલ કે, '' તારે અહિંયા રહેવાનુ નથી અહિંયા તારૂ કઈ લાગે વળગે નહી તારે જયાં રહેવુ હોય ત્યાં રહેજે તું તારે દશ કેશ કરવા હોય તો કર અમોને કઈ ફેર પડવાનો નથી અમે પૈસા વાળા છે બધે પહોંચી વળીશું '' અને અરજદારના દિયર અનસ અરજદારને ત્રિકમ લઈને મારવા ફરી વળેલા તથા બીજા સામાવાળાઓ અરજદાર ઉપર ઈંટો વડે પથ્થરમારો કરેલ, માર મારેલ અને છુટટી

ઈંટો ફેંકી હુમલો કરેલો, અરજદારને માં–બેન સમાણી ગાળો આપી, ઢીકકાપાટુનો માર મારી જણાવેલ કે, '' તારે અહીં કોઈ લાગે ના, અહીં આવતી ના, તારો સામાન લઈને અહીં થી ચાલી જા, જયારે તારો પતિ આવે ત્યારે આવજે, તારો પતિ જયાં સુધી તારી જોડે છુટાછેડા નહી થાય ત્યાં સુધી નહી આવે '' તેમ કહી અરજદારને મારઝુડ કરી ત્યાંથી કાઢી મુકી શારીરિક માનસિક ત્રાસ આપેલ. સામાવાળા નં. ૮ કહેતા હતા કે, '' તું ફારગતી નહી લે તો તને હું ભીખ મંગાવીશ '' તારો પતિ મારી વાત માનશે, અમે કહીશુ તેવું જ કરશે '' તેમ કહી અરજદારને માનસિક ત્રાસ આપી, મારી નાંખવાની ધમકીઓ આપી, અરજદારને આત્મહત્યા કરવા મજબુર કરેલ હોવાનું જણાવે છે અને તે રીતે તેઓની અરજીને સમર્થક જુબાની આપેલ છે. અરજદારની અરજીની હકિકતો ઘ્યાને લઈ પ્રોટેકશન ઓફિસરશ્રીએ તે તમામ હકિકતો તેઓની અરજીમાં જણાવેલ છે. જેથી અરજદારની અરજીની હકિકતોને સમર્થન મળે છે. અરજદારની અરજીની હકિકતો સામાવાળાઓએ પકડારેલ નથી તેમજ પ્રોટેકશન ઓફિસરશ્રીનો રીપોર્ટ ખોટો છે કે કાયદાની જોગવાઈઓની વિરૂઘ્ધનો છે તેવો સામાવાળાઓ તરફે કોઈ બચાવ લીઘેલ નથી કે તે અંગે રજુઆત કરેલ નથી. સામાવાળા તરફે પોતાના બચાવના સર્મથનમાં સોગંદ ઉપર પુરાવો રજુ રાખેલ નથી. જે તમામ હકિકતોને આધારે અરજદારની અરજીની હકિકતો માનવા લાયક જણાઈ આવે છે અને તે આધારે એ હકિકત પુરવાર થાય છે કે, આ કામે સામાવાળાઓએ અરજદાર સાથે કાયદાની કલમ–૩ માં જણાવ્યાં મુજબની કૌટુંબિક હિંસાખોરી આચરેલ છે.આ કામે રજુ થયેલ પુરાવાથી તેમજ પ્રોટેકશન ઓફિસરશ્રીએ કરેલ રીપોર્ટ ઉપરથી અરજદારના જણાવ્યાં મુજબનો બનાવ બનેલ હોવાની હકિકતોને સમર્થન મળે છે. જયારે કહેવાતો બનાવ સામાવાળાનાં ઘરે બનેલ છે. જેથી ત્રાહીત વ્યકિતને કૌટુંબીક હિંસા બાબતે કોઈ માહિતી ન હોય તે સ્વાભાવિક છે. તેમજ આ કામે અરજદારની પોતાની અરજી આંક–૧ તથા આંક–૨૦ થી રજુ થયેલ સોંગદ ઉપરની જુબાની પરથી એ હકિકત પુરવાર થાય છે કે, અરજદારને સામાવાળાઓ દવારા માનસિક અને શારીરિક ત્રાસ આપેલ છે. જયારે અરજદારની ઉપરોકત હકિકતોને ખંડન કરતો કોઈ પુરાવો સામાવાળાઓ દવારા રજુ કરવામાં આવેલ નથી. આમ, આ કામે અરજદાર દવારા જે

પુરાવો રજુ કરેલ છે, તેનાથી અરજદારની સાથે સામાવાળાઓ દવારા ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાની હકિકતને સમર્થન મળે છે. જેથી અરજદાર સાથે ઘરેલુ હિંસાનો બનાવ ફરી ન બને તે ઘ્યાને લઈ સામાવાળાઓને ઘરેલુ હિંસાનું કૃત્ય કરતા અટકાવવા જરૂરી છે. જે તમામ હકિકતો ઘ્યાને લેતા સામાવાળાઓ દવારા અરજદારને શારીરિક–માનસિક ત્રાસ આપેલ છે અને તે રીતે કૌટુંબિક હિંસા આચરેલ છે. જેથી જે હિંસા સામે અરજદારને રક્ષણ મળવુ જરૂરી જણાય છે.

આ કામે ઉપર ચર્ચા કર્યા મુજબ સામાવાળાઓએ અરજદાર સાથે ઘરેલુ હિંસાનાં કૃત્યો કરેલ હોવાની હકિકતોને સમર્થન મળે છે. અરજદાર સાથે થયેલ ઘરેલુ હિંસાનાં વધુ કૃત્યો ન બને તેમજ અરજદાર સ્વમાનભર જીવન ગુજારી શકે તે માટે તેમજ ભવિષ્યમાં અરજદાર સાથે ઘરેલુ હિંસાનાં કૃત્યો ન બને તે હેતુસર સામાવાળાઓ સામે તેવા કૃત્યો કરવા સામે મનાઈ ફરમાવવી જરૂરી છે. જેથી અરજદાર મુદ્દા નં. ૧ ની હકિકતો પુરવાર કરવામાં સફળ રહેલ હોય **મુદ્દા નં. ૧** નો જવાબ "**હકારમાં**" ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં. ૨**

**(૧૩)** આ કામે અરજદાર દવારા અરજી તથા સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, લગ્ન સમયની તેમની સ્ત્રીધનની વસ્તુઓ, સોના–ચાંદીની દાગીના સામાવાળાઓએ કબજે કરી લીધેલા છે તે તમામ ચીજવસ્તુઓ સામાવાળા પાસેથી પરત અપાવવા અગર તેની બજાર કિંમત અપાવવા અરજ કરેલ છે. સદર બાબતે અરજદાર તરફે કોઈ યાદી રજુ રાખવામાં આવેલ નથી કે સદર દાગીના કે ચીજવસ્તુઓના કોઈ બિલ આ કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, ખરેખર અરજદાર પોતાનું સ્ત્રીધન સામાવાળા પાસે માંગવા કે મેળવવા હકકદાર હોવાની હકિકત અરજદારે સાબીત કરેલ નથી, જેથી અરજદાર સદરહું માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોય તે રીતે **મુદ્દા નં. ૨** નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૩**

**(૧૪)** આ મુદ્દાની હકિકતો વંચાણે લેતા અરજદાર દ્વારા કલમ–૨૦ અન્વયે નાંણાકીય સહાયની માંગણી કરેલ છે. જે અંગે જોવામાં આવે તો અરજદાર

દ્વારા સામાવાળાઓ પાસેથી આજીવન ભરણપોષણ માટે માસીક રૂા. ૨૦,૦૦૦/– ચઢાચઢી ભરણપોષણની રકમની માંગણી કરેલ છે.

આ કામે પક્ષકારો તરફે રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા અરજદાર દવારા સામાવાળાની આવક બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. સામાવાળા દવારા પણ તેઓની આવક અંગે કોઈ ચોકકસ આધાર કે પુરાવો રજૂ કરેલ નથી. અરજદાર દવારા સામાવાળાની આવક અંગેની હકિકતો પુરવાર કરવા માટે કોઈ ઈસમોને સાહેદ તરીકે પણ તપાસેલ નથી, પરંતુ સામાવાળા સાથેનું અરજદારનું લગ્નજીવન ધ્યાને લેતા, સામાવાળાની ચોકકસ આવક અંગે સામાવાળાને જ માહિતી હોઈ શકે જેથી પણ સામાવાળાએ પોતાની આવક અંગે પુરાવો રજુ કરવાનો રહે છે. અરજદારે હાલની અરજીમાં તેણી ભરણપોષણ પેટે સં યુકત માસિક રૂા. ૨૦,૦૦૦/– ની માંગણી કરેલ છે. અરજદાર તરફે તેઓની માં ગણીઓને લગતો કોઈ આધાર રજૂ કરેલ નથી. વધુમાં અરજદાર તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ નામ. ફેમીલી કોર્ટ, આમોદમાં ભરણ પોષણ મેળવા માટેની અરજી કરેલી, જે અરજી અન્વયે નામ. ફેમીલી કોર્ટ દ્વારા અરજદારને માસિક રૂા. ૩,૦૦૦/– તથા તેમની સગીર દીકરી શનાને માસિક રૂા. ૧૫૦૦/– ભરણપોષણ આપવાનો હુકમ કરેલો, વધુમા અરજદાર કબુલ કરેલ છે કે, તેમણે આમોદ ફેમીલી કોર્ટમાં રીકવરી રકમ મેળવવા અરજી કરતા સામાવાળાએ ભરણપોષણની રકમ અરજદારને ચુકવી આપેલ છે, સામાવાળા દર માસે અરજદારના ખાતામાં રકમ જમા કરાવે છે. આમ, નામ. ફેમીલી કોર્ટે સામાવાળાની આવક નકકી કરી, અરજદારને ભરણ પોષણની રકમ ચુકવી આપવા ઉપર મુજબનો જે હુકમ કરેલ છે તે હુકમ બાદ અરજદારે ભરણ પોષણની રકમ ઓછી પડતી હોય અને તેને વધારવા માટે કોઈ અરજી ફેમીલી કોર્ટમા કરેલ હોય, તેવી કોઈ હકીકત રેકર્ડ પર અરજદારે મુકેલ નથી અને હાલના કેસમાં પણ ફેમીલી કોર્ટ દ્વારા ભરણ પોષણનો સામાવાળા વિરૂધ્ધ હુકમ કરવામા આવેલ તે હકીકત અરજદારે પોતાની તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજની સોગંદ ઉપરની સરતપાસમાં પણ કરેલ નથી, આમ,

નામ. ફેમીલી કોર્ટ ધ્વારા સામાવાળાની આવકને અનુલક્ષીને અરજદારના લાભમાં ભરણપોષણનો હુકમ થયેલ હોય જેથી હાલની અરજીમાં અરજદારને ફરીથી બીજી વખત ભરણ પોષણ અપાવવાનો હુકમ સામાવાળા વિરૂધ્ધ થઈ શકે નહી. જેથી ઉપર મુજબની ચર્ચાને ઘ્યાને લેતા, **મુદ્દા નં. ૩** નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૪</u>**

**(૧૫)** આ કામે અરજદારે હાલની અરજી કરી કલમ–૧૯ અન્વયે સામાવાળા રહેઠાણની વ્યવસ્થા કરી આપે અથવા રહેઠાણ માટે રૂા. ૧૫,૦૦૦/– લેખે માસીક ભાડાની રકમ ચુકવવા હુકમ કરવાની દાદો માંગેલ છે.

આ કામના અરજદારનાં રજુ થયેલ પુરાવાથી એ હકિકત સ્પષ્ટ થાય છે કે, અરજદાર તેઓનાં માતા–પિતાને ત્યાં પિયરમાં રહે છે. ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ, ૨૦૦૫ ની જોગવાઈ ઘ્યાને લેતા અરજદારના રહેઠાણની વ્યવસ્થા કરવાની જવાબદારી તેઓના પતિ કે તેઓ જેઓની સાથે કૌટુંબીક સંબંધ ધરાવે છે તેઓના ઉપર છે. આ કામે અરજદાર દવારા રહેઠાણનાં હુકમની માંગણી કરેલ છે. પરંતુ અરજદારે પોતાની અરજી તેમજ પોતાની જુબાનીમાં પણ પોતાનાં પિયરમાં રહેતા હોવાનું જણાવેલ છે. અરજદારે અરજીમાં પોતે ભાડેથી રહેતા હોવાનું કે ભાડુ અન્ય કોઈને ચુકવતા હોવાનું કયાંય જણાવેલ નથી. આમ, અરજદાર પોતાનાં પિયરમાં રહેતા હોવાની હકિકત બિનતકરારી હોવાનું જણાઈ છે. આમ, એકંદરે સમગ્ર હકિકતોને ઘ્યાને લેતા અરજદાર હાલ પોતાનાં પિયરમાં રહેતા હોવાની હકિકત રેકર્ડ ઉપર સાબીત થતી હોય ત્યારે અરજદારને કોઈ ભાડાનો ખર્ચ ઉપાડવો પડતો હોય તેવી હકિકત અરજદાર સાબીત કરી શકેલા નથી. જેથી મુદ્દા નં. ૪ ની હકિકત પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નં. ૪** નો જવાબ "**નકારમાં**" ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૫</u>**

**(૧૬)** આ કામે અરજદાર દવારા સામાવાળાઓએ તેઓને માનસીક–શારીરિક ત્રાસ આપેલ હોય જેનાં કારણે હાની પહોંચાડેલ હોય, તેના કારણે તેમની તબિયત પર અસર થયેલ હોય ને દવા પાછળ ખર્ચ થયેલ હોય, તે બદલ રકમ રૂા.

૫,૦૦,૦૦૦/− વળતરની માંગણી કરેલ છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા રેકર્ડ પરનો પુરાવો ઘ્યાને લેતા આ કામે પ્રોટેકશન ઓફીસરનો રીપોર્ટ ઘ્યાને લેવામાં આવે તો સામાવાળા તરફથી અરજદારને શારીરિક−માનસીક ત્રાસ આપેલ હોય કે મારઝુડ કરેલ હોવાનુ, પુરવાર થાય છે. પરંતુ અરજદાર ઘ્વારા તેઓને માનસીક−શારીરિક ત્રાસ આપેલ હોય જેનાં કારણે હાની પહોંચાડેલ હોય, તેના કારણે તેમની તબિયત પર અસર થયેલ હોય ને દવા પાછળ ખર્ચ થયેલ હોય, તે બદલ રકમ રૂા. ૫,૦૦,૦૦૦/− વળતરની માંગણી કરેલ છે જે રકમ ઘણી વધારે પડતી જણાઈ આવે છે તથા તેઓએ જે દવા પાછળ ખર્ચ થયેલ હોવાનુ જણાવેલ છે તેવી કોઈ શારીરિક ઈજા થયેલ હોય અને તે અંગે તેઓએ કોઈ દવા, સારવાર લીધેલ હોય તો તે અંગે નો કોઈ પ્રાથમિક પુરાવો અરજદાર તરફે રજૂ કરેલ નથી. પરંતુ સામાવાળાની આવક સંદર્ભે કોઈ વિશેષ પુરાવો અરજદારે આ કામે રજુ કરેલ નથી અને જે આવક નામ. ફેમીલી કોર્ટ ઘ્વારા ભરણ પોષણના હેતુ માટે ઘ્યાને લેવામાં આવેલ છે તે જોતા અરજદારે માંગેલ વળતરની રકમ કાલ્પનીક હોય, માંગ્યા મુજબનુ વળતર મંજૂર થઈ શકે તેમ નથી, જેથી સામાવાળાની આવક તથા તેનો મોભો વિગેરે ઘ્યાને લેતા, અરજદારને વળતર તરીકે અંશત: રકમ અપાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય, જેથી **મુદ્દા નં. ૫ નો** જવાબ **''અંશત: હકારમાં''** આપી મુદદા નં. ૬ અન્વ્યે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામે અરજદારની ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ − ૨૦૦૫ ની કલમ−૧૨ મુજબની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓ વિરૂઘ્ધ અરજદારે માંગેલ ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ−૨૦૦૫ ની કલમ − ૧૮ ની પ્રોટેકશનની દાદ આથી મંજુર કરવામાં આવે છે જયારે કલમ−૧૯ હેઠળની રહેઠાણની તથા સ્ત્રીધન મેળવવા માટેની અરજદારની દાદો નામંજુર કરવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળા નં. ૧ નાઓ અરજદારને નામ. ફેમીલી કોર્ટના હુકમ મુજબ

માસિક રૂા. ૩,૦૦૦/- તથા સગીર દીકરી શનાના માસિક રૂા. ૧૫૦૦/- ભરણપોષણ પેટે ચુકવી આપવા હુકમ થયેલ હોય જેથી અરજદારના લાભમાં ભરણોષણ અંગે બીજો કોઈ વિશેષ હુકમ કરવાનુ ન્યાયોચિત જણાતુ ન હોય, ભરણપોષણની દાદ નામંજુર કરવામાં આવે છે.

(૪) આ કામે ધી પ્રોટેકશન ઓફ વિમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ-૨૦૦૫ની કલમ-૨૪ ની જોગવાઈ મુજબ અરજદારને આ હુકમની એક નકલ વિના મુલ્યે પુરી પાડવી.

(૫) આ કામના સામાવાળા નં. ૧ નાએ અરજદારને થયેલ ત્રાસ અંગે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ચુકવી આપવા આથી હુકમ કરવામા આવે છે.

(૬) સામાવાળાએ અરજદારને અરજી ખર્ચ પેટે રૂા. ૨,૫૦૦/- (અંકે રૂપીયા અઢી હજાર પુરા) અલગથી ચુકવી આપવા.

ઉપરોકત હુકમ આજરોજ **તા. ૨૫ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| તા. ૨૫/૦૩/૨૦૨૬<br>સ્થળ : જંબુસર | **( એ. ડી. રાવ )**<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, જંબુસર.<br>કોડ નં. જી.જે. ૦૧૪૮૦ |
|---|---|